Letter No: HD/0226/06/2024 Dt: 11-06-2024

દિવ્યાંગ વ્યક્તિઓના અધિકાર અધિનિયમ, ૨૦૧૬ની કલમ-૩૩ મુજબ ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ., ગાંધીનગરના મહેકમ પરની જગ્યાઓમાં દિવ્યાંગતા સુનિશ્ચિત કરવા બાબત.

ગૃહ વિભાગ

ગુજરાત સરકાર,

ઠરાવ ક્રમાંક: HD/PHC/e-file/8/2024/2103/L

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: /૦૬/૨૦૨૪

11 JUN 2024

<u>વંચાણે લીધા</u>:-

(૧)સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક: 38-16/2020-DD-III

(૨)સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકારના તા.૨૯/૦૮/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંક: 30-12/2020-DD-III

(૩)સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૨/૧૨/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: અપગ/૧૧૨૦૧૯//છ-૧

(૪)સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની દિવ્યાંગતા માટેની તારીખ ૦૩/૦૬/૨૦૨૪ના રોજ મળેલ પેટા તજજ્ઞ સમિતિની તા.૦૭/૦૬/૨૦૨૪ની કાર્યવાહી નોંધ.

( ૫) ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ.ગાંધીનગરનો તા.૧૭/૦૫/૨૦૨૪નો પત્ર ક્ર.ગુપોહા/વહીવટ/દિવ્યાંગજનો અનામત/૩૨૨૫/૨૦૨૪.

(૬)ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ.ગાંધીનગરનો તા.૩૧/૦૫/૨૦૨૪નો પત્ર ક્ર.ગુપોહા/વહીવટ/દિવ્યાંગજનો અનામત/૩૪૩/૩૫૩૫/૨૦૨૪.

<u>ઠરાવ</u>:-

વંચાણમાં લીધેલ સંદર્ભ ક્રમાંક (૧) તથા (૨) સામે દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ તથા તા.૨૯/૦૮/૨૦૨૨ના જાહેરનામાથી દિવ્યાંગ વ્યક્તિઓના અધિકાર અધિનિયમ, ૨૦૧૬ની કલમ-૩૩ મુજબ સરકારી સેવામાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે તેમજ આ જગ્યાઓ પર કેવા પ્રકારની વિકલાંગતા ધરાવતા ઉમેદવારો અરજી કરી શકે તે સુનિશ્ચિત કરવા માટે વંચાણમાં લીધેલ ક્રમાંક (૩) સામે દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૨/૧૨/૨૦૧૯ના ઠરાવથી સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતા હેઠળ પેટા તજજ્ઞ સમિતિની રચના કરવામાં આવેલ છે.

Signature valid
Signed by:ANITA P ZULA
Deputy Secretary
Date: 2024.06.11
11:31:23 +05:30

૨. વંચાણમાં લીધેલ ક્રમાંક (૪) સામે દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની પેટા તજજ્ઞ સમિતિની તા:૦૩/૦૬/૨૦૨૪ ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધથી ગૃહ વિભાગ હસ્તકના ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ.,ગાંધીનગરના કુલ-૧૪ સંવર્ગોની દિવ્યાંગતાના પ્રકારોને માન્ય રાખવામાં આવેલ છે.

જે મુજબ કાળજી પૂર્વકની વિચારણાને અંતે નીચેના પત્રક-અ માં દર્શાવ્યા મુજબ દિવ્યાંગતાના પ્રકારો નિયત કરવામાં આવે છે.

## પત્રક-અ

| ક્રમ | સંવર્ગનું નામ/વર્ગ | બેંચમાર્ક ડાસેબીલીટી અનુકૂળ કેટેગરી (Suitable Category of Benchmark Disability) | | | |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | | | |
| | | A | B | C | D & E |
| ૧ | નાયબ સ્થપતિ, વર્ગ-૧ | - | D, HH | OA, OL, BL, OAL, CP, LC, DW, AAV, SD, SI | SLD, MD |
| ૨ | નાયબ કાર્યપાલક ઇજનેર (સ્ટ્રકચર), વર્ગ-૨ | | D, HH | OA, OL, LC, DW, AAV, SD, SI | SLD, MI, MD |
| 3 | મદદનીશ ઇજનેર (સિવિલ), વર્ગ-3 | - | D, HH | OA, OL, LC, DW, AAV, SD, SI | SLD, MI, MD |
| ૪ | મદદનીશ ઇજનેર (વિદ્યુત),વર્ગ-3 | - | D, HH | OL, LC, DW, AAV, SD, SI | SLD, MI (40-70%), MD (40-70%) |
| ૫ | મદદનીશ નકશાગાર,વર્ગ-3 | LV(40-70%) | D, HH | OL, BL, LC, DW, AAV, SD, SI | ASD(M), ID, SLD, MI (40-70%), MD (40-70%) |
| ૬ | ચીફ ફાયનાન્સીયલ ઓફિસર, વર્ગ-૧ | LV (40%-70%) | D, HH | OA, OL, BL, OAL, BLOA, BLA, LC, DW, AAV, SD, SI | MD |
| ૭ | કંપની સચિવ,વર્ગ-૧ | B, LV | D, HH | OA, BA, OL, BL, OAL, CP, LC, DW, AAV, SD, SI | MI, MD |
| ૮ | ગુજરાતી સ્ટેનોગ્રાફર-ગ્રેડ-3, વર્ગ-3 | B, LV | HH(40-70%) | OA, OL, OAL, CP, LC, MDy, DW, AAV, SD, SI | ASD(M), ID, SLD, MI, MD |
| ૯ | અંગ્રેજી સ્ટેનોગ્રાફર-ગ્રેડ-3, વર્ગ-3 | B, LV | HH(40-70%) | OA, OL, OAL, CP, LC, MDy, DW, AAV, SD, SI | ASD(M), ID, SLD, MI, MD |
| ૧૦ | રીસેપ્શનીસ્ટ કમ ટેલીફોન ઓપરેટર, વર્ગ-3 | B, LV | HH(40-70%) | OA, OL, BA, BL, CP, LC, MDy, DW, AAV, SD, SI | ASD(M), SLD, MI |
| ૧૧ | ડેટા એન્ટ્રી ઓપરેટર,વર્ગ-3 | LV(40-70%) | D, HH | OA, OL, BA, BL, OAL, CP, LC, MDy, DW, AAV, SD, SI | ASD(M), ID, SLD, MI, MD |
| ૧૨ | મદદનીશ,વર્ગ-3 | B, LV | D, HH | OA, OL, BA, BL, OAL, CP, LC, MDy, DW, AAV, SD, SI | ASD (M,MoD), ID, SLD, MI, MD |
| ૧૩ | ટાઇપીસ્ટ કમ કલાર્ક,વર્ગ-3 | B, LV | D, HH | OA, OL, OAL, CP, LC, DW, AAV, SD, SI | ASD(M), SLD, MI, MD |
| ૧૪ | કલાર્ક કમ ઝેરોક્ષ ઓપરેટર,વર્ગ-3 | B, LV | D, HH | OA, OL, OAL, CP, LC, DW, AAV, SD, SI | ASD(M), SLD, MI, MD |

**Code and functional classification:-** Blind (**B**), Low vision (**LV**), Deaf (**D**), [Hard of hearing (**HH**)], [Locomotor disability (**LD**) :- one arm (**OA**) , one leg (**OL**) , both arm (**BA**), one arm one leg (**OAL**) , both legs arms (**BLA**), both legs one arm (**BLOA**), one arm both legs (**OABL**), both arms one leg(**BAOL**), both arms both leg(**BABL**), one arm one leg (**OAOL**)], Cerebral palsy (**CP**), Leprosy cured (**LC**), Dwarfism (**DW**), Acid attack victim (**AAV**), Muscular dystrophy (**MDy**), Intellectual disability (**ID**), Specific learning disability (**SLD**), Mental illness (**MI**) , [autism spectrum disorder (**ASD**) **M**-Mild, **MoD-Moderate**], **[Multiple Disabilities (MD) :- (Disabilities included in group (A) to (D) )]. Spine Deformity (SD) Spine Injury (SI).**

૩. ઉક્ત ઠરાવ સમાનાંકી ઇ-ફાઈલ પર અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ)ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( અનિતા ઝુલા ),
નાયબ સચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિશ્રી,

માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માન. રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨. સચિવાલય, ગાંધીનગર

અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ., ગાંધીનગર.

સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, ગાંધીનગર

પ્રિન્સિપાલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ

સેક્શન અધિકારીશ્રી, આઈ.ટી. શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઈટ ઉપર ઠરાવ પ્રસિદ્ધ કરવાની વિનંતી સહ)

સેક્શન અધિકારીશ્રી, છ-૧ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

શાખા પસંદગી ફાઈલ – ૨૦૨૪.

Signature valid
Signed by:ANITA P ZULA
Deputy Secretary
Date: 2024.06.11
11:31:23 +05:30